ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*માર ખાધા પછી પણ નાપાક ખો ભૂલતું નથી!*
*વિશ્વમાં થયું બદનામ છતાંય ઝૂકતું નથી!*
*થૂકતું નથી કોઈ જ એના બચાવનામા પર -*
*દોટ છે પતનની, નાપાક સૈન્ય રૂકતું નથી!*
*(છમકલાં છોડતું નથી)*

હાઈકુ

*માર ખાઈને -*
*હવે રાખે છે મિયાં -*
*ટંગડી ઊંચી...*
*(એલઓસી પર બૉંબ વર્ષા)*

*મળ્યો મફત*
*લ્યો સૈન્ય તરફથી*
*પ્રચાર મુદ્દો*
*(બગાસું ખાતાં પતાસું)*

### ચિંતન

**સ જાનીધ્વં સં પ્રચ્વધ્વં સં વો મનાંસિ જાનતમ્ ।**
**દેવા ભાગં યથા પૂર્વ સંજાનામ ઉપાસતે ॥**

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

પ્રત્યેક મનુષ્યનું એ કર્તવ્ય છે કે તે જ્ઞાન પ્રાપ્ત કરી પરસ્પર હળીમળીને રહે. બધા ઉત્તમ સંસ્કારોવાળા થાઓ. જેવી રીતે આપણા પૂર્વજો પોતાનાં કર્તવ્યોનું પાલન કરતા હતા, તે જ પ્રમાણે આપણે પણ હંમેશા આપણા કર્તવ્યો પૂરા કરતા રહીએ.

અધ્યાત્મવાદીને આત્મા અને શરીરના તફાવતનું જ્ઞાન હોય છે. તે આત્માને સ્વામી અને શરીરને સાધન માને છે. આ તફાવત જેની દૃષ્ટિમાં સ્પષ્ટ જાય તે કાયાના સુખ સગવડો, ઈન્દ્રિયોની લાલચ અને ખોટી વાહવાહ તથા શાનને મહત્ત્વ આપવાને બદલે એ આત્મકલ્યાણ અને આત્મવિકાસ જેવા કાર્યોને મહત્ત્વ આપે છે.

આપણા ઋષિઓએ આ જ આદેશ આપણા માટે રજૂ કર્યો છે. જે આજે પણ એટલો જ સાર્થક છે. ઋષિઓ પોતાના જ્ઞાન અને બુદ્ધિનો ઉપયોગ સમાજના કલ્યાણને માટે જ કરતા. પોતે સામાન્ય જીવન વિતાવીને સમાજને સુખ તથા સમૃદ્ધિના શિખર પર પહોંચાડી દેવામાં કાર્યરત રહેતા.

### સુવિચાર

- એક સપને કે ટૂટકર ચકનાચૂર હો જાને કે બાદ...
  દૂસરા સપના દેખને કે હોંસલે કા 'જિંદગી' કહતે હૈ - **બિસમિલ**
- આજના એ આનંદથી દૂર રહો જે આવતીકાલે તમારી ઉદાસીનું કારણ બની શકે છે - **જહોન ફ્લોરેન્સ**
- એક માણસ મૃત્યુ પામે તે કરૂણાંતિકા અને અને લાખો મૃત્યુ પામે તે ફક્ત આંકડો છે - **સ્ટાલિન**
- આ સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરનાર, ઋતુઓનું ચક્ર ચલાવનાર ઈશ્વર પોતે કયાં કશું બોલે છે?
  બોલ્યા વગર પણ વ્યવહાર સારી રીતે ચાલ્યા કરે છે - **કન્ફ્યુશિયસ**
- અપ્રિય વ્યક્તિના પ્રિય આચરણથી સાવધ રહેવું - **ચાણક્ય**
- ચારણીમાં પણ પાણી જરૂર ભરી શકાય જો તમારામાં પાણી બરફ થઈ જાય
  એટલી વાર સુધી ઊભા રહેવાની ધીરજ હોય તો - **હેન્રી ફોર્ડ**
- આજનું ઔષધ : આમળાનું ચૂર્ણ ગાયના દૂધમાં મિક્સ કરીને તે પેસ્ટ લમણામાં લગાવવાથી વારંવાર ફૂટતી નસકોરી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત ડેનિયલ પાદરી બન્યા તે પહેલાં રોમમાં કાયદાના ઉત્તમ વકીલ હતા. તેમણે ત્યાં ઓફીસમાં મળવા રોજ ૨૦-૨૫ જણા લાઈનમાં બેસી રહેતા. તેમણે તેમની ઓફીસમાં પોતાની ખુરશીની બરાબર પાછળ એક સુંદર ફ્રેમમાં એક વાક્ય લખાવી રાખ્યું હતું. તેમાં લખ્યું હતું. 'તમારે પણ કંઈ કામ હશે' ફ્રેમ એવી રીતે લગાડવામાં આવી હતી કે આવનાર મુલાકાતીનું ધ્યાન તે વાક્ય પર પડે જ. એકવાર એમનો ખાસ મિત્ર વર્ષો પછી એમની શુભેચ્છા મુલાકાતે આવ્યો. તેણે વકીલ સાહેબને પોતાનું કાર્ડ મોકલાવ્યું. અંદરથી સંદેશો આવ્યો. 'થોડીવાર થોભો. પહેલા આ મુલાકાતીઓના પ્રશ્નો સાંભળી લઉં. પછી આપણે નિરાંતે વાતો કરીશું.' મિત્ર સમદાર હતો. તેણે રાહ જોઈ. લગભગ અડધો કલાકમાં તો ૨૦ જણાની કતાર પૂરી થઈ ગઈ. મિત્રનો વારો આવ્યો. વકીલ સાહેબે તેને ભાવથી ભેટી આવકાર્યો. મિત્ર બોલ્યા. 'દોસ્ત, તારા મુલાકાતીઓની કતારજોતા તો મને એવું હતું કે મારે બે ત્રણ કલાકની રાહ જોવી પડશે. પણ તે તો વીસેક જણાને અડધો જ કલાકમાં રવાના કરી દીધા. આનું રહસ્ય શું છે?' વકીલ સાહેબે કહ્યું, 'આ ફ્રેમ મેં તેમના માટે જ મુકાવી છે. એનો સૂચિતાર્થ એ જ છે કે તમારું કામ બને તેટલું જલ્દી પતાવશો અને મારો સમય બગાડશો નહીં, મારું કામ અટકાવશો નહીં. આમ હું સીધું નથી બોલતો પણ આ ફ્રેમનું વાક્ય કાફી છે. વળી તેઓ તેમનું મારી સાથેનું કામ જલ્દી પૂરુ કરશે તો જે બીજા બહાર મને મળનાર છે તેમનો વારો પણ જલ્દી આવશે.' આમ સૌના સમયની બચત થશે.' મિત્રને સમય બચતની વકીલની તરકીબ સમજાઈ.

# મહાગઠબંધનને મોદીનો લલકાર

સમય બહુત બલવાન - વાળી કહેવત સૌ જાણે છે. ૨૦૧૪માં મોદીનો સમય બહુ જ બળવાન હતો. ૨૦૧૯ આવતાં સુધીમાં હારેલા થાકેલાં વિપક્ષોને કળ વળી ગઈ હતી અને કેટલાંક રાજયોમાં કોંગ્રેસને બહુમતી મળતાં કોંગ્રેસ તો જાણે રાખમાંથી બેઠી થઈ ગઈ હોય એવું લાગતું હતું. પરંતુ પુલવામા આતંકી હુમલાથી જવાબી કાર્યવાહી સ્વરુપે ભારતીય વાયુસેનાએ આઝાદ કાશ્મીરમાં ચાલતા બાલાકોટ ખાતેના આતંકી અડ્ડાનો સફાયો કરી દઈ મોદી સરકાર અને એનડીએના ઝાંખા પડી ગયેલા સિતારાને રાતોરાત બુલંદ બનાવી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના સાથીઓ હવે તો 'મોદી હૈ તો મુમકીન હૈ' ના નવા નારા સાથે વિપક્ષોની ધોલાઈ કરવાની પ્રચાર ઝુંબેશમાં જોતરાઈ ગયા છે. પ્રજા આગળ મોદીની છપ્પનની છાતી કયારેક મજામાં ફેરવાઈ ગયેલી તે ફરી પાછી હકીકતમાં મોદી અને મોદી જ - એવી પ્રતીતિ જન જનના હૈયે અંકિત થઈ ગઈ છે. અગાઉની સરકારો આતંકીઓ સામે સર્જિકલ સ્ટ્રાઈક કે એર સ્ટ્રાઈક કરવાની હિંમત નહોતી કરી શકી. મોદી તો જાહેર સભામાં બેફામ, ધુવાંધાર, ધાણીફૂટ શબ્દબાણ છોડીને ઘરમાં ઘૂસીને આતંકીઓનો મારવાની વાત કરે છે. પાતાળમાં પેસી જશે તોય મોદી એમને છોડશે નહીં - ચુન ચુન કે મારેગા ! મોદી જ બોલી શકે એવી આ ડાયલોગબાજી આગળ વિપક્ષ હાલ પૂરતો તો મીંદડી મ્યાઉં થઈ ગંજીફાનાં પત્તાં ફેરવારકાં ચીપવાની કવાયત કરી રહ્યો છે. મહાગઠબંધનના નેતાઓ

*તંત્રીસ્થાનેથી...*

તોરમાં આવી ગયેલા તે મોદીના આ પરાક્રમથી ડઘાઈ ગયા છે. હવે સત્તાનાં તો દૂર, વિપક્ષ તરીકેનું વજૂદ જળવાઈ રહે તો ય ઘણું - એવો ડર અનુભવતા વિપક્ષી નેતાઓને રાંડ્યા પછી ડહાપણ ફૂટ્યું છે. રાષ્ટ્રીય સ્તરે સાથે અને પ્રાદેશિક સ્તરે સામસામે રહેવાની બેવડી રાજનીતિ પ્રજાને પસંદ નહીં આવે અને મોદીનાં ઝંઝાવાતી પ્રચાર સામે એમ વેરવિખેર હાલતમાં ટકી નહીં શકાય અને એની ખાતરી થઈ ગઈ હોય એમ વિપક્ષી દળોએ ડરના માર્યા સમાધાનની ભૂમિકા પર આવવાનો વ્યૂહ અપનાવવાની નવી થિયરી ચર્ચવા માંડી છે. બંગાળના વાઘણ અને આંધ્ર પ્રદેશના દીપડા ઉપરાંત છોટે શિવાજીની ઓળખ ધરાવતા શરદ પવાર, ડીએમકે પ્રમુખ સ્ટાલીન તથા ડાબેરી નેતા સીતારામ યેચુરી ઉપરાંત અરવિંદ કેજરીવાલ પોતપોતાની બડાશ બાજુએ મૂકી રાહુલ ગાંધી સાથે સમાધાનની ફોર્મ્યુલા ગોઠવી દેવા તૈયાર થયા છે. બંગાળમાં કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચતી થવાની શક્યતા સરજાઈ છે તો વળી ઉત્તરપ્રદેશમાં અખિલેશ અને માયાવતી કોંગ્રેસને સાવ જ કોરાણે મૂકીને ચાલી રહ્યાં હતા તે હવે કોંગ્રેસને એનો વાજબી હિસ્સો આપવા તૈયાર થશે એવું લાગે છે. એ જ રીતે દિલ્હીમાં કોંગ્રેસની આડોડાઈથી તંગ આવી આમ આદમી પાર્ટીએ છ સંસદીય ક્ષેત્રોના ઉમેદવાર જાહેર કરી દીધા પછી પણ કોંગ્રેસ જો સરખી રીતે વર્તવા તૈયાર થાય તો એને માટે ત્રણથી ચાર બેઠકો છોડી દેવાની તૈયારી દર્શાવી છે. અલબત્ત, બદલામાં એ પંજાબની ૨૦૧૪ની ચૂંટણી વખતે 'આપ'ની ઝોળીમાં ઠલવાયેલી ચાર બેઠકો માંગી શકે છે. આ તમામ પ્રકારનાં સમાધાન કર્યા પછી પણ મોદીનાં પ્રચંડ વાવાઝોડા સામે કેટલું ટકી શકશે એ તો પ્રશ્ન જ છે. શરદ પવાર જેવા શાણા અને અનુભવી નેતાએ રાહુલ ગાંધીને પ્રાદેશિક પાર્ટીઓ સાથે સુમેળ સાધી મહાગઠબંધનમાં એકતા દેખાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સ્વીકારી છે. એર સ્ટ્રાઈકનો સઘળો જશ મોદી ખાટી જાય છે અને યેદિયુરપ્પા જેવા નેતા તો એર સ્ટ્રાઈકને કારણે ભાજપની કેટલી બેઠકો વધશે એની ગણતરી કરવા લાગ્યા છે. મનોજ તિવારી જેવા નાચણિયા કૂદણિયા સાંસદને સેનાની વરદી પહેરીને રાજકીય રેલી કાઢવામાં કોઈ શેહશરમ નડતી નથી. વિપક્ષને એર સ્ટ્રાઈકે એક મંચ પર આવવાની તક પૂરી પાડી છે અને મોદીને 'લાર્જન ધેન લાઈફ સાઈઝ' રાષ્ટ્રપુરુષ તરીકે સ્વયંભૂ પ્રગટવાનો ચમત્કારિક મોકો આપ્યો છે. ખરી કસોટી હવે મતદાતાઓની થવાની છે!

# તેને ક્યારે નીંદર આવી ગઈ તેની ખબર જ ન પડી

તે ટ્રેમાં ઠંડા પાણીની બોટલો લઈ એક તરફ ઊભો હતો. તે આ મોટી હોટલનો એકમાત્ર વેઈટર હતો. જેનું કામ ખાલી પ્લેટો ઉપાડવાનું, પાણીની બોટલો લાવવાનું અને ટેબલ સાફ કરવાના એ હતું.

જાન આવી ચૂકી હતી અને હોટલના પોર્ચમાં જાનૈયાઓ બેન્ડવાજાની તેજ ધુન પર નાચી રહ્યા હતા. શહેરના કોઈ માલેતૂજારના દીકરાનાં લગ્ન હતા. જાનૈયાઓના હાથમાં પચાસ... સો... ના દરની નોટો હતી. જે તેઓ હવામાં ઉછાળી રહ્યા હતા. નાચતાં... નાચતાં... નોટોને હવામાં ઉડાડતા હતા. જેને ઉઠાવવા માટે બેન્ડવાળાના અમુક માણસો જે ફક્ત એ કામ માટે જ લાવવામાં આવ્યા હતા. ભીડમાં ઘુસીને ઉઠાવવાનો પ્રયત્ન કરતા હતા.

અચાનક તેણે જોયું તો લગભગ સાત વરસની એક છોકરી અને ચાર વર્ષનો છોકરો લલચામણી નજરે નોટોને જોઈ રહ્યો હતો. અને કોશિશ કરતાં હતાં કે થોડી નોટો તેઓ પણ ઉઠાવી લે. વેઈટર તેમને ઓળખતો હતો. બંને ભાઈ-બહેન હતાં. અને કચરો વીણવાનું કામ કરતાં હતાં. મા મરી ગઈ હતી. બાપ ભંગાર અને પસ્તી ખરીદવાનું વેચવાનું કામ કરતો હતો. તેનો કબાડીનો ધંધો હતો. તેમાંથી જે કંઈ મળે તેનો દારૂ પી જતો. બંને બાળકો, હોટેલના પાછળના ભાગે જયાં બેચેલો ખોરાક અને એંઠવાડ ફેંકવામાં આવતો તે જગ્યાએ આવતાં અને ખાઈ શકાય તેવું ભેગું કરી લઈ જતાં, કયારેક તો બહુ ભૂખ્યાં થયાં હોય તો ત્યાં જ ખાવા લાગતા.



નવાં કલેવર
નટવર હેડાઉ

ઘણા લાંબા સમય સુધી નાચગાન પછી જાને હોટલમાં પ્રવેશ કર્યો. તે પણ બીજું બધું ભૂલી તેમની સેવામાં લાગી ગયો.

રાતના બાર વાગવા આવ્યા હતા. જાનૈયાઓ ખાઈ-પીને જવા લાગ્યા હતા. તેણે વાસણો ઉપાડ્યા અને વોશિંગ પ્લેસ હતી ત્યાં મૂકવા લાગ્યો. તે પછી પ્લેટોમાં વધેલું ખાવાનું ભેગું કર્યું અને મોટા વાણસમાં ભરી હોટલના પાછળના ભાગે ફેંકવા ગયો. ત્યાં આવી જોતાં તે ચોંકી ગયો. એ જ ચાર આંખો પાછળના બારણા તરફ મંડાયેલી હતી.

'આટલી મોડી રાતે અહીં કેમ બેસી રહ્યા છો?' તેણે બંને બાળકોને ધમકાવી નાંખ્યાં. અને બચેલ ખાદ્ય પદાર્થોનું વાસણ એક તરફ ઓટલા પર ઊંધું પાડ્યું. તે વખતે દૂર બેઠેલ બે કૂતરાં અને એક ભૂંડ પણ નજીક આવવાની કોશિશ કરતાં બેઠાં થયાં. બંને ભાઈ બહેને તેમને દૂર કાઢ્યા. બંને બાળકો જાણે રાહ જોઈ રહ્યાં હતા. તે ખોરાકના ઢગલા પાસે પહોંચી ખાવાલાયક વાનગીઓ ભેગી કરવા લાગ્યાં.

'જો રમી... આજે તો આખી રોટલીઓ પણ છે. પુરીના ટૂકડા અને પુલાવ પણ છે. છોકરો રાજી રાજી થઈ ગયો. અને આખી રોટલીઓ ભેગી કરવા લાગ્યો.'

'ભઈલા, મેં તને કહેલું ને કે આજે લગ્ન છે. તેથી સારું ખાવાનું મળશે... તું સમજતો જ નહોતો ને રડતો હતો. કંઈ વાંધો નહીં આખી રોટલી માટે નોટો ન લઈ શકાઈ તો શું થયું. રોટલીઓ તો મળી જ ને.' બહેન પોતાની સફળતા પર ખુશ હતી.

વેઈટર સ્તબ્ધ ઊભો રહી ગયો. છોકરાઓ ખુશ થતાં કચરામાંથી રોટલીઓ શોધતા હતા. અને તેને એમ લાગતું હતું કે હોટેલની આગળ પોર્ચમાં જાનૈયાઓ જાણે નાચી રહ્યા છે અને તેમના હાથમાં નોટોની જગ્યાએ રોટલીઓ હવામાં ઉછાળી રહ્યા છે અને જાણે કે કેટલાંય બાળકો હવામાં ઊછળતી એ રોટલીઓને ભૂખી નજરે જોઈ રહ્યા છે. તેને ગામડામાં રહેલા પોતાના બાળકો યાદ આવ્યા. ભારે પગલે તે પાછો વળ્યો. છેવટ તેને પણ તેમનાં માટે બે ટાઈમની રોટલીની વ્યવસ્થા કરવાની છે ને !

આજે દિવસ દરમિયાન કામ પણ ઘણું રહ્યું હતું. તે ખુબ થાકી ગયો હતો છતાં ઊંઘ આવતી ન હતી. વારંવાર તેને પેલાં બે બાળકો અને નાચતા ઝૂમતાં નોટો ઉછાલતાં જાનૈયાઓ, બેન્ડવાજાનો તીવ્ર અવાજ અને ફૂટકા ફટાકડા પાછળ થતો ધુમાડો દેખાતો હતો. તેમાં તેને કયારે નીંદર આવી ગઈ તેની ખબર જ ન પડી.

# બેફામ સંતુલન રાખીને સંબધોની ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરી શકીએ

પરમપૂજય સ્વામી રામતીર્થ (૧૮૭૩-૧૪૦૬) અદ્વૈત વેદાંતની ફિલસૂફીના જનક કહેવાય છે. પૂજય સ્વામી વિવેકાનંદ પહેલા જો કોઈએ અમેરીકામાં હિન્દુ ફિલસૂફી ઉપર પ્રવચનો આપ્યા હોય તો તે સ્વામી રામતીર્થ હતા. તેઓ સ્વામી રામનાં હુલામણા નામથી પણ જાણીતા હતા. સ્વામી રામતીર્થને એકવાર કોઈએ તેમની આંતરિક અવસ્થા વિષે એક ગૂઢ પ્રશ્ન પૂછયો. સ્વામી રામતીર્થે તે પ્રશ્નનો સુંદર જવાબ આપેલો. એ જવાબ હતો; 'મારુ તો બેફામ સંતુલન છે'

(Mine is Reckless Balance)

રેકલેસ (બેફામ) જીવન જીવતી વ્યકિતના જીવનનું વિશ્લેષણ કરીએ તો એવું કહી શકાય કે એ વ્યકિત જીવનના કોઈપણ પ્રકારના આનંદને ઉન્મત રીતે માણતી હોય છે. એ વ્યકિત બેપરવાહ રીતે એક મુકત માનવ તરીકે જીવન વ્યતિત કરતી હોય છે. એ વ્યક્તિ કોઈ પ્રકારના સામાજિક, ધાર્મિક કે દુન્યવી નિયમોમાં બંધાયેલ રહેતી નથી હોતી પણ આંતરિક રીતે તદન નિરંકુશ થઈને જીવન જીવતી હોય છે. સ્વામી રામતીર્થના કહેવા પ્રમાણે તેઓ આવું જ બેફામ જીવન જીવતા હતા પણ સાથે સાથે તેઓએ કહ્યું હતું એમ તેમનુ બેફામપણું પણ સંતુલિત હતું. તેઓ ઉન્મત થઈને આનંદ માણતા હતા પણ તેમનો આનંદ વિશુધ્ધ ન હતો. તેઓ આંતરિક રીતે નિરકુશ હતા છતાં તેમના વર્તનમાં ક્યાય સ્વચ્છંદતા ન હતી. તેઓ કોઈ જ પ્રકારના નિયમોથી બંધાયેલા ન હતા છતાં તેમના વર્તન અને વ્યવહાર થકી કોઈને પણ કશું જ નુકશાન થતું ન હતું. તેઓ ભલે બેફામ રીતે જીવ્યા છતાં એક માણસ તરીકે તેમનું જીવન ક્યારેય લથડયું ન હતું. તેમના વર્તનમાં સ્વાધિનતા હતી, સ્વતંત્રતા હતી પણ સાથે સાથે તેનાથી વિશેષ સંવાદિતા પણ હતી.

આપણાં પૌરાણિક ગ્રંથોમાં જેમના ચારિત્ર્યનું વિસ્તૃત વિવરણ છે, જેમના પદચિન્હો પૂરા ભારતમાં દર્શનીય છે એવા ગુરુ દતાત્રેયનું વ્યકિતત્વ પણ 'બેફામ સંતુલન' ધરાવતું હતું એવું વિદ્વાનોનું મંતવ્ય છે. વિદ્વાનોના મંતવ્ય મુજબ કોઈપણ જગ્યાએ ભલે બેફામપણું હોય પણ સાથે સાથે સંતુલન ન હોય એવી જગ્યાએ અવધૂત ગુરુ દતાત્રેયના ચરણ ક્યારેય પડતાં ન હતા.

આપણાં ગુજરાતના ગામડાઓમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રના ગામડાઓમાં કેટલીક જ્ઞાતિઓમાં પેઢી દર પેઢીથી એક રિવાજ ચાલ્યો આવે છે. કુટુબમાં નવી વહુ પરણીને આવે ત્યારે એ નવવધુની નંણદો અને દિયરો (સગા નણંદ અને દિયર ઉપરાંત નજીકના સગા-સંબધીની યુવાન દિકરીઓ અને દીકરાઓ પણ) નવી આવેલી ભાભીની મજાક–મશ્કરીઓ બેફામ રીતે કરે. એ મજાક-મશ્કરી પણ માત્ર બોલીને કે શાબ્દિક રીતે જ નહીં, શારીરિક રીતે પણ ભાભીની મશ્કરીઓ કરે. લગ્ન પછીની પહેલી હોળીના તહેવારે તો બધી જ નંણદો અને દિયરો ભાભીને બેફામ થઈને રંગોથી રગદોડી નાંખે. આમ દિયર–ભોજાઈ–નંણદ હોળી રમવાનો મજાક-મશ્કરીનો અને આનંદ બેફામ થઈને લૂંટે. ઘરના અને ગામના વડીલો પણ તેઓને આનંદ લૂંટવાનો પાનો ચડાવે.

દિયર–ભોજાઈ–નંણદ વચ્ચે આનંદ લૂંટવાના એ બેફામપણામાં એક સંયમ હોય છે. એ બેફામપણામાં એક અંકુશ હોય છે. એ બેફામપણામાં એક લજ્જા હોય છે. એ બેફામપણામાં એક મર્યાદા હોય છે. એ બેફામપણામાં એક માન-સન્માન હોય છે. સ્વામિ રામતીર્થના જ શબ્દોમાં કહીએ તો એ મજાક-મશ્કરીમાં બેફામ સંતુલન હોય છે. દિયર-ભોજાઈ-નંણદનાં સંબધોમાં આ પ્રકારના બેફામ સંતુલનને કારણે તેઓના સંબધોમાં નિર્દોષતા છલકતી હોય છે અને એ સંબધો ધીમે ધીમે દિયર-ભોજાઈ-નંણદનાં સંબધોને બદલે દિકરો–મા–દિકરીનાં સંબધોમાં પરીવર્તન થઈ જતાં હોય છે. સંબધોમાં ભલે બેફામ મજા માણતા હોય પણ સાથે સાથે એ જ સંબધોમાં જો બેફામ સંતુલન હોય તો એ સંબધોને માણવાની મજા કઈક જુદી જ હોય છે.

કેટલાક લોકોના જીવનમાં સંબધોને બેફામ રીતે માણવાની વાત તો એક બાજુ રહી જતી હોય છે



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

પણ ઊલટાનું તેઓ સંબધો બાંધવામાં અને વિકસાવવામાં ખૂબ જ તકેદારી રાખતા હોય છે. તેઓ સંબધોમાં રૂઢિગત વિચારો અને પૂર્વગ્રહો ને સાથે લઈને સંબંધીઓ સાથે સાવચેતીપૂર્વક એક છુપા ભય સાથે વર્તન અને વ્યવહાર કરતાં હોય છે. આ પ્રકારના અભિગમને આપણે જીવન પ્રત્યેનો ડરપોક અભિગમ કહી શકીએ. સંબધીઓને ખોટું લાગી જશે તો? સંબંધીઓને નહીં ગમે તો ? સંબધો તૂટી જશે તો ? આ પ્રકારનાં ડરને કારણે તેઓ કોઈ જ પ્રકારના જોખમ લેતા નથી અને સંબધોના સાચા અર્થમાં આનંદ લૂટી શકતા નથી. પેલા ગામડાઓના દિયર-ભોજાઈ-નણંદનાં સંબધોમાં આ પ્રકારનો ડરપોક અભિગમ નથી, તેને કારણે તેઓના સંબધો ઉચ્ચ કક્ષાએ પહોચી શકતા હોય છે.

કેટલાક લોકો સંબધોમાં ડરપોક અભિગમથી તદન વિરુધ્ધનો અભિગમ અપનાવતા હોય છે. સંબધોમાં બેફામ (રેકલેસ) બની જતી વ્યકિત છાસવારે ખોટું બોલતી હોય છે, વગર કારણે પોતાના સંબંધીઓની સતામણી કર્યા કરતી હોય છે. ક્યારેક નાનીનાની વાતમાં મોટા હોબાળા કરતી હોય છે. આ પ્રકારની વ્યકિત સંબધોમાં ક્યારેય સમાધાનકારી વલણ અપનાવી શકતી નથી. તેઓના સંબધોમાં નિરકુશતા હોય છે, સંવાદિતાનો અભાવ હોય છે અને આનંદનો ઉન્માદ હોય છે. તેઓ માત્ર ટૂંકાગાળાનું જ વિચારતા હોય છે અને આમ બેફામ વર્તન થકી સંબધોમાં ખટરાગો ઊભા થતાં રહેતા હોય છે. આમ તેઓ સંબધોમાં બેફામ બની જતાં હોય છે પણ એ બેફામ સંબધોમાં સંતુલન ન હોવાના કારણે એ સંબધો ક્યારેય લાંબો સમય ટકી શકતા નથી.

બેફામ સંતુલન હંમેશા ગતિશીલ હોય છે. તે પરિસ્થિતી સાથે બદલાય છે છતાં તેમાં એક પ્રકારનું સાતત્ય જળવાઈ રહેતું હોય છે. સંબધોમાં શું કરવું અને શું ન કરવું, ક્યારે શું કરવું અને ક્યારે શું ન કરવું તેનો વિવેક હોય છે અને વ્યકિત પોતાના સંબધો પ્રત્યે સતત જાગૃત રહેતી હોય છે.

સ્વામિ રામતીર્થ અને ગુરુ દતાત્રેયની જેમ જીવનને અને સંબધોને બેફામ જીવીએ. બેફામ સંતુલન રાખીને જીવી શકીએ તો સંબધોની ઉચ્ચકક્ષા પ્રાપ્ત કરી શકીએ એમાં શંકાને કોઈ સ્થાન નથી.



થોટ
નટવર આહલપરા

## સેવા-સૃશ્રૂષા

સેવાથી ભવસાગર તરીએ, સેવા સમરથ ધ્યાન,
સેવા વિશ્વંભર વશ કરે, હરિ નહિં સેવા સમાન.

કેવી સરળ છતાં હૃદયસ્પર્શી વાત. સેવા-સૃશ્રૂષા તો ભાગ્યશાળીને જ મળે. સેવાથી ભવસાગર તરી શકાય. અન્ય રીતે ભવસાગર તરવો કઠિન છે. સેવા જેવું ઉત્તમ ધ્યાન એક પણ નથી. સેવા કરવાથી શું ન મળે ? વિશ્વંભર વશ થઈ જાય છે. હરિની સેવા જેવી અન્ય એક પણ સેવા નથી.

કહેવાયું છે ને કે, 'સેવા પરમો ધર્મ !' સેવા પરમમાં પરમ દર્મ છે. 'જો કરો સેવા તો પામો મેવા.' આ ઉક્તિ પણ યથાર્થ જ છે ને ?

પ્રભુની સેવામાં જીવન જીવીને સાચી ચેતનાને પ્રાપ્ત કરવી એ ટૂંકામાં ટૂંકો રસ્તો છે. પરમસુખ તો એ છે કે ભગવાનના સેવક બનીએ. વિનોબા ભાવેની અમૃતવાણી અહીં યાદ આવે જ, તેઓ કહે છે કે,

સેવા કરીએ, પ્રેમ આપીએ,
આશા ન રાખીએ, મુક્ત રહીએ.

સેવા કરતાં કરતાં બધાંને પ્રેમ કરીએ. સેવા સૃશ્રૂષા - સરભરા કરીને કાંઈ લેવાની આશા ન રાખીએ અને વળી પાછા મુક્ત રહીએ. શરીરનો હંમેશા સેવાનું ઘસવાનું છે, ત્યારે તો એ આત્મજ્ઞાન મેળવવા માટે યોગ્ય બને છે. ખરેખર સેવા કરવાથી મનને આનંદ મળે છે. હૈયું પુલકિત થઈ જાય છે. કંઈક કર્યાનો સેવા ઓડકાર અનુભવાય છે.

# પરસંગ પ્રસંગેન વયમ્ પંચોતરમ્ શતમ - કયારે ?

ગત દિવાળી બાદ શરૂ થયેલું વર્ષ ભારે અને તનાવ સાથે આગળ વધતું જાય છે. ગયા ચોમાસામાં વરસાદ કોસ્ટલ બેલ્ટથી ઉપર વ્યાપક થયો જ નહીં એટલે બહુધા ગુજરાત વરસાદમાં તરસ્યું રહી ગયું. ડેમો ખાલી રહી ગયા. અથવા નદીઓ ભરાઈ નહીં કે પૂર આવ્યા નહીં. દિપાવલી આવી પણ સારી વર્ષા આવી નહીં. કૃષિકારો એ ગમે તેમ કરી થોડો ઘણો ખરીફ પાક લીધો પરંતુ હવે રવિપાક માટેનું પાણી કમ પડે છે. નર્મદા જીવાદોરી પરંતુ ત્યાં જણપ્રમાણ પૂરતું નથી અને પાણી કાળુ પડી ગયું છે એ માટેનાં સાચા કારણો તો ઈશ્વર જાણે પણ એ નક્કી છે કે આ વખતે રવિપાકનો ઉતારો ઘટશે જ. ગામડાઓમાં આજથી જ પીવાના પાણીનો કંકાસ - કકળાટ ચાલી રહ્યો છે, હજી ઉનાળાની તો શરુઆત થવાની ચે. ઋતુચક્ર પૂરી દુનિયાનું એટલું બગડ્યું છે કે હાલ સુધી અર્ધા વિશ્વમાં હિમયુગનો અનુભવ થયો. આ બધી કુદરતની જ કૃતિ કહી શકાય ત્યાં માનવ વિચારનું કોઈ સ્થાન નથી.

બીજી તરફ પૂરાં વિશ્વમાં માનવથી માણસો ત્રસ્ત થઈ રહ્યા છે જેને આપણે ઉગ્રવાદ કે આતંકવાદ કહીએ છીએ. કોઈ પણ માનવ દ્વારા ઉન્માદ યા ઝનૂનથી ઉત્પાદ મચાવવામાં આવે અને નિર્દોષ લોકોની કત્લેઆમ કરવાનું કાર્ય થાય તેને આતંક કહેવાય જેના પાયાનાં કારણો કોઈ પણ હોય પરંતુ આ પ્રકારના આતંકથી વિશ્વ પીડિત થઈ રહ્યું છે. ભારતના બધા પાડોશી રાષ્ટ્રોમાં ભારત વિરુદ્ધનું ઝેર પિરસાઈ રહ્યું છે. પડોશી મૂલ્કોમાં લાખો પ્રશ્નો હોવા છતાં આતંક ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આના લીધે હાલ કાશ્મીરમાં આપણા કુલ ૪૪ જવાનો શહીદ થયા. સરહદ પર સીઝ ફાયર ઉલ્લંઘન તો રોજની ઘટના બની ગઈ છે. સરકાર આ અંગે હવે નક્કર કાર્યવાહી અવશ્ય કરશે તેમાં કોઈ શંકાને સ્થાને નથી.

આઝાદી મળ્યા બાદથી આજ સુધી આપણી નીતિ શાંતિ માટેની અહિંસા અને બંધુત્વની રહી છે પરંતુ વૈશ્વિક કક્ષાએ ધાર્મિક કટ્ટરતા એ દાટ વાળ્યો છે. માનવ માનવની હત્યા કરે અને તે પણ ધર્મના નામ હેઠળ એ ચિંતાનો વિષય છે. આંતરરાષ્ટ્રીય રાજકારણ પણ જબરૂ ચાલી રહ્યું છે અને ભારતનો વિકાસ કે પ્રગતિ ઘણા મૂલ્કોને ગમતા નથી. કાશ્મીર મુદ્દે પુષ્કળ રીતે પરેશાની છે ત્યાં અલગાવવાદ હવે ખુલીને આતંકને સમર્થન કરી રહ્યા છે. આપણા જવાનો શહીદ થાય તો સામે પાડોશી રાષ્ટ્રનાં 'ભાડૂતી ટપોરીઓ' ઠાર થાય છે અર્થાત આ પ્રોક્સીવોર આપણા દેશને ભારે પડી રહ્યું છે. ઈતિહાસ બદલી શકાતો નથી પણ આજનાં નિર્ણયથી ભાવિ જરૂર બદલી શકાય છે. યુદ્ધ કરવાનું વિચારવું ઊચિત છે પણ એ ઈન્સ્ટન્ટના થઈ શકે તે પણ સમજવું જ પડે યુદ્ધ એ પાગલપન જેવું હોય છે અને વૈશ્વિક સ્થાપિત હિતો બીજાના ખભા ઉપર બંદૂક મૂકવા તૈયાર હોય છે. છતાં હદ પૂરી થાય પછી ભારત કદી અટકશે પણ નહીં. હવે વાત જે મહત્વની છે તે આપણાં આંતરિક ઐક્યની છે. વાદ વિવાદો ટાળવાની તાતી જરૂરત છે. રાષ્ટ્ર હશે તો બધું હશે એ ભૂલવું ના જોઈએ. બધી જ કોમ જાતિ જ્ઞાતિનું ઐક્ય બની રહે તો દેશ આતંકવાદનો ખાત્મો કરી શકશે. સરકારને પણ જવાનોની શહીદીથી અતિ દુઃખી છે. જનતાને પણ રોષ અને ગુસ્સો છે. પરિવાર સામે બહારથી કોઈ સમસ્યા આવી પડે તો સમગ્ર પરિવાર એક બની તેની સામે તાકાત દર્શાવે છે. અને તેનું સુખદ પરિણામ લાવવા કોશિશ કરે છે. રાષ્ટ્ર પણ એક કુટુંબ હોય છે ત્યારે એકતા હોવી અત્યંત જરૂરી છે. મહાભારતની અંદરની એક ઘટના યાદ આવે છે. પાંડવો અને કૌરવો વચ્ચેની એકતા તૂટી જૂગટું રમવા ગયા અને પાંડવો તેમાં હારી ગયા - રમતાં રમતાં અંતે દ્રૌપદીને પણ દાવમાં મૂક્યા...! અંતે બન્યું એવું કે પાંડવોને વનમાં જવું પડ્યું. છૂપાતા-ભટકતા પાંડવો દિવસો વિતાવવા લાગ્યાં ભીમના મનમાં ગુસ્સાની ભાવના પ્રબળ હતી !



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સમય જતાં એક પર્વતની પાસે સરોવર હતું ત્યાં જ થોડે આગળ ગુફામાં પાંડવો રોકાયા હતા. સરોવર ખુબ સુંદર હતું. અદ્ભૂત પ્રકૃતિથી ઘેરાયેલું હતું અને ત્યાં રોજ ઈન્દ્રની અપ્સરાઓ સ્નાન કરવા આવતી અને સ્નાન કરી વિદાય લેતી. અપ્સરાઓ સરોવરમાં સ્નાન કરવા આવે છે તે વાત જાણી કૌરવોમાંથી દુર્યોધનને કુમતિ થઈ અને એ તથા તેના સાગરિકો સરોવર ઉપર આવ્યાં ત્યાં અપ્સરાઓ નિર્ણય થઈને સ્નાન કરતી હતી તો તેને પામવા કૌરવો વ્યાકુળ હતાં પણ આ અપ્સરાઓ તો ઈન્દ્રલોકમાંથી આવતી તે ભૂલી ગયા એટલે મોટી બબાલ - ધમાલ થઈ યુદ્ધ જેવો માહોલ થઈ ગયો. આ દરમિયાન વાતની જાણ છૂપા વેશે રહેતાં પાંડવો સુધી ગઈ તો ભીમે કહ્યું જે થઈ રહ્યું છે થવું જ જોઈએ ભલે કૌરવો આ રીતે વિલિન થાય. લગભગ બધા એ એવો સુર વ્યક્ત કર્યો કે આપણે શું ? કૌરવોનાં કર્મ મુજબ બદલો મળવો હોય તો આપણે શા માટે રસ લેવો ? વાત સાંભળ્યા બાદ ધર્મનું પ્રતિક એવા યુધિષ્ઠિર બોલ્યા કે આપણા અંદરોઅંદરના સંઘર્ષમાં આપણે પાંચ અને તેઓ એકસો એ નીતી બરાબર છે પણ બહારથી પરિવાર ઉપર હુમલો થાય તો આપણે એકસો પાંચની ભાવના ધારણ કરીને તેમનો સામનો કરવો જોઈએ. ખુબ જ સમજાવટ બાદ પાંડવો સરોવર ઉપર ગયા અને અપ્સરાઓને યુક્ત કરાવી ધર્મરાજા યુધિષ્ઠિર જે બોલ્યા તે નીચેના શ્લોકમાં દર્શાવાયું છે.

"પરસ્પર વિરોધેન વયં પંચમ્ ઈમે શતા
પરસંગ પ્રસંગેન વયં પચોતરમ્ શતમ્"

ભારતમાં એકસો પાંચની ભાવના પ્રગટે એ જ તમન્ના !!

**શેર આસ્વાદ :**
**વાત મારી જેને સમજાતી નથી**
**એ ગમે તે હોય ગુજરાતી નથી**
**- ખલીલ ધનતેજવી**